Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

॥ શ્રી ઉમિયાય નમઃ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✳ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✳

July 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૮ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૭/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### સમૂહલગ્નની આવશ્યકતા ?

આપણો સમાજ ખેતી પ્રધાન છે. ખેતીના કામમાં જયારે નિરાંત હોય ત્યારે મંગળ પ્રસંગો કે લગ્નોનું આયોજન થાય છે. સમય અને સંપતિનો બચત થાય તે માટે સામુહિક લગ્નોની શરૂઆત કચ્છમાં વાંઢાયથી થઈ અને પછી ભારતભરમાં તેનો વ્યાપ થયો.

આપણી લાડલી મહાનગરી મુંબઈમાં વિક્રમ સવંત ૨૦૩૯ ચૈત્ર વદ ૨ શુક્રવાર તારીખ ૨૯ એપ્રિલ, ૧૯૮૩ના ૭ નવયુગલો દ્વારા શરૂ થયેલ પ્રથમ સમૂહલગ્નની હારમાળા ૪૨ વર્ષ બાદ વિક્રમ સવંત ૨૦૮૧ મહા સુદ ૫ (વસંત પંચમી) રવિવાર તારીખ ૦૨- ફેબ્રુઆરી ૨૦૨૫ના ડોંબીવલી પાટીદાર ભવન ખાતેના ૪ નવયુગલો સાથે ૬૬મો સમૂહલગ્નના આપણે ઉત્સાહ પૂર્વક પૂર્ણ કરેલ.

હવે ૬૭ ના સમૂહલગ્ન વેળા આપણે સૌ એ સાથે મળી વિચારવાની ખાસ જરૂર છે કે શું આવા સમૂહલગ્નના આયોજન થવા જોઈએ ? ક્યારે કરવા જોઈએ ? કોના માટે કરવા જોઈએ ? શું સમયની માંગ છે ? હવે જ્યારે હલ્દી, મહેંદી, પ્રિ-વેડીંગ સુટ, સંગીત સંધ્યા, હસ્તમેળાપ અને અંતે જાજરમાન સ્વાગત સમારોહ જેવા નવા નવા પ્રસંગો ઉમેરાતા હોય તો તે વેળા શું સમૂહલગ્નની ખાસ આવશ્યકતા છે.

વર્ષ ૧૯૮૩માં જયારે પ્રથમ સમૂહલગ્નની શરૂઆત થઈ હતી તે વેળા વાડી મળવાની સમસ્યા, મર્યાદિત આવક, પગભર થતા પરિવારો, આમંત્રિતોની વધતી યાદી વગેરે જવાબદાર હતા અને તેના સરળ ઉકેલ તરીકે સમૂહલગ્નની વિચારધારાને સામાન્ય પરિવાર સ્વીકારવા લાગ્યા હતા.

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]
## સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - મુંબઈ

### સરસ્વતી સન્માન ૨૦૨૫

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા દર વર્ષની જેમ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૫ના બપોરે ૩.૦૦ કલાકે ઘાટકોપર વાડીમાં સરસ્વતી સન્માન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થી પોતાના રિઝલ્ટ ફરજીયાત પણે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લીકેશન પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. રિઝલ્ટ અપલોડ કરવાની તા. -૦૫-૦૭-૨૦૨૫ થી તા. ૨૫-૦૭-૨૦૨૫ સુધી રહેશે. ત્યારબાદ ઓનલાઈન લિંક બંધ કરી દેવામાં આવશે. ચકાસણી કર્યા બાદ વેબસાઈટ અને એપ્લીકેશન પર તા. ૧૦-૦૮-૨૦૨૫ સુધી તમારા રીઝલ્ટની જાણકારી આપવામાં આવશે.

સરસ્વતી સન્માન માટે ધોરણ પ્રમાણે યોગ્યતા નીચે જણાવવામાં આવેલ છે.

| ધોરણ | ગુણાંક |
|---|---|
| ૧ થી ૪ | ૯૦% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૫ થી ૯ | ૮૦% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| એસ.એસ.સી. | ૬૫% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| FYJC, SYJC | ૬૫% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |

ખાસ નોંધ :-

૧. સમય મર્યાદા ને ધ્યામાં રાખી સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં શ્રી કચછી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ ફેરબદલ કરી શકશે.

૨. સ્ટેજ પરથી ફક્ત હાજર રહેલા વિદ્યાર્થીઓને સન્માન આપવામાં આવશે. જે વિદ્યાર્થી બહારગામ હોય અને તેમણે પહેલેથી લેખિત જાણ કરેલ હશે, તે વિદ્યાર્થીના પરિવારને ઈનામ આપવામાં આવશે. જે વિદ્યાર્થીનું રિઝલ્ટ ઓનલાઈન ડિકલેર થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીનું નામ, કોલેજ/ઈન્સ્ટિટયૂટનું નામ ઉત્તીર્ણ થયેલ વર્ષ વગેરે જેવી માર્કશીટમાં હોય તેવી વિગત વાળી ઓનલાઈન રીઝલ્ટની કોપી અપલોડ કરશો તો ચાલશે.

૩. એક થી નવ ધોરણ માટે ફકત વાર્ષિક પરીક્ષાના ગુણાંક ને ધ્યાનમાં લેવામાં આવશે અને નીચે લખેલા ગ્રેડ પ્રમાટે ટકા ગણવામાં આવશે.
A1/A+ = 95 Mark, A2/A = 85 Mark, B1/B+ = 75 Mark, B2/B = 65 Mark, C1/C+ = 55 Mark, C2/C = 45 Mark, D = 35 Mark.

૪. તા. ૨૫-૦૭-૨૦૨૫ પછી કોઈનું રીઝલ્ટ આવે તો નીચે આપેલા ફોન નંબર પર સંપર્ક કરવો.

૫. ડિપ્લોમાં અને ઉપરોક્ત ધોરણ સિવાયના દરેક વિદ્યાર્થીને લાભ પાંચમના દિવસે સન્માનિત કરવામાં આવશે. જેના માટેની અન્ય વિગતો પછીથી જણાવવામાં આવશે.

૬. રિઝલ્ટમાં ગ્રેડ, ફેકલ્ટી વગેરે માર્કશીટને લગતા કોઈપણ પ્રશ્નો માટે અથવા રિઝલ્ટ અપલોહ કરવામાં જો તકલીફ પડે તો નીચે આપેલ ફોન નં. પર સંપર્ક કરવો.

સંપર્ક સૂત્ર :- ૧) વૈશાલી છાભૈયા : ૯૮૬૯૩૯૧૧૨૩ ૨) મમતા પોકાર : ૯૮૭૦૭૫૭૯૭૩
૩) રશ્મિ માવાણી : ૯૩૭૨૪૨૩૦૮૬

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

# શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ આયોજીત
# શ્રી ઘાટકોપર મહિલા મંડળ અને શ્રી ઘાટકોપર યુવા મંડળ સહયોગી

*** શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ૨૦૨૫ સાતમ આઠમ ***

પાટીદાર વાડી ઘાટકોપર ખારે યોજનાર છે

**તા. ૧૫-૦૮-૨૦૨૫ શ્રાવણ વદ સાતમ શુક્રવાર**

**બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે રાસ ગરબા**

**તા. ૧૬-૦૮-૨૦૨૫ શ્રાવણ વદ આઠમ શનિવાર**

**બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે રાસ ગરબા**

**સાંજે ૭.૩૦ કલાકે મહાપ્રસાદ**

**રાત્રે ૯.૦૦ કલાકે મટકી (દહીહાંડી)નો ચડાવો**

**રાત્રે ૧૦.૦૦ કલાકે કૃષ્ણ જન્મ, દર્શન અને પ્રસાદ**

ત્યારબાદ મટકીના દાતાશ્રી પરિવાર સાથે સમાજના ભાઈઓ દ્વારા મટકી ફોડ માણીશું.

શ્રી કૃષ્ણ જન્માષ્ટીના શુભ પર્વે સમાજના સર્વે સભ્યો અને ભક્તોને હાર્દિક નિમંત્રણ છે.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી માં સેવાના લાભાર્થી થવા ઈચ્છતા દાતાશ્રી માટે નીચે મુજબ દાન સેવા છે.

| | | |
|---|---|---|
| ૧) | બાળકૃષ્ણ કાનુડો | ૧૧,૦૦૦/- |
| ૨) | રાધાકૃષ્ણ | ૧૧,૦૦૦/- |
| ૩) | પ્રસાદીના દાતા | ૧૧,૦૦૦/- |
| ૪) | ચા પાણીના દાતા | ૩,૦૦૦/- |
| ૫) | શ્રી કૃષ્ણ આસન શણગાર | ૫,૦૦૦/- |
| ૬) | સાઉન્ડ સીસ્ટમ | ૮,૦૦૦/- |
| ૭) | ફોટોગ્રાફીના દાતા | ૬,૦૦૦/- |
| ૮) | વિડીયોગ્રાફીના દાતા | ૮,૦૦૦/- |
| ૯) | ભોજનના મુખ્ય દાતા | ૨૧,૦૦૦/- |
| ૧૦) | ભોજનના સહયોગી દાતા | ૫,૦૦૦/- |
| ૧૧) | બેનરના દાતા | ૨,૫૦૦/- |

મટકી (દહી હાંડી)ના દાતા ચડાવા દ્વારા લેવામાં આવશે.

દાતાશ્રીના નામ નોંધાવા સંપર્ક સુત્ર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ

પ્રમુખ : શ્રીમતી કુસુમ રામજીયાણી - ૯૯૮૭૦૯૧૮૫૯

મહામંત્રી : શ્રીમતી મનિષા વેલાણી - ૯૮૨૦૮૦૮૬૨૪

**શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)**

**પ્રમુખ શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી**

**મહામંત્રી શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા**

# શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ - મુંબઈ પ્રેરિત
# શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી દ્વારા આયોજીત
# શ્રી કચ્છી કડવા પાટીદારસમાજ-ડોંબીવલી * શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી સહયોગી
# શ્રી કૃષ્ણ જન્મોત્સવ - ૨૦૨૫

પાટીદારોમાં ખુબજ લોકપ્રિય અને પરંપરાગત સંસ્કારોમાં વણાયેલ જેની આપણે સૌ કાગડોળે રાહ જોતા હોઈએ છીએ એ શ્રી કૃષ્ણ જન્મોત્સવ (સાતમ-આઠમ)નો તહેવાર સંસ્કાર પૂર્વક, સમાજમાં સંપ અને એકતા વધારે એ ઉદેશ્યથી મહિલા મંડલ ડોંબીવલીએ ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે.

**કાર્યક્રમની રૂપરેખા**

**તા. ૧૫-૦૮-૨૦૨૫ (સાતમ પરંપરાગત રાસગરબા :**

**બપોરના ૨.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી**

**તા. ૧૬-૦૮-૨૦૨૫ (આઠમ) રાસગરબા, શ્રી કૃષ્ણ જન્મ :**

**બપોરના ૨.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી**

**સ્થળ : પાટીદાર ભવન ડોંબીવલી**

આ કાયક્રમમાં વિવિધ પ્રસંગો માટે દાતાશ્રીઓ ઉછામણી (ચઢાવવા)થી લેવાનું નક્કી કરેલ છે જેની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

**શ્રી બાળ કૃષ્ણ સ્વરૂપના દાતાશ્રી : રૂા. ૧૧,૦૦૦/- થી શરૂવાત**

**(વોટ્સઅપ અથવા ફોન દ્વારા)**

**(શ્રી બાળ કૃષ્ણ સ્વરૂપના દાતાશ્રી માટે ઉછામણી (ચઢાવવા)ની અંતિમ તારીખ ૧૦-૦૮-૨૦૨૫ સુધી)**

| | |
|---|---|
| ભગવાનની મહાઆરતીના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- થી શરૂવાત |
| દહીંહાંડી ફોડવાના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- થી શરૂવાત |
| મહાપ્રસાદ (ભોજન)ના મુખ્ય દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- થી શરૂવાત |

**વિશેષ નોંધ :**

ભગવાનની મહાઆરતી, દહીંહાંડી ફોડવાના, મહાપ્રસાદ (ભોજન)ના મુખ્ય દાતાશ્રી આ સર્વે પ્રસંગ માટે ઈચ્છુક દાતાશ્રી પોતાના નામ વોટ્સએપ અથવા ફશેન દ્વારા નોંધાવી શકે છે. (અંતિમ તારીખ - ૧૦-૦૮-૨૦૨૫ સુધી)

ઉપરોક્ત ત્રણે ચઢાવવા માટે વોટ્સએપ અથવા ફોન થી તારીખ ૧૫-૦૮-૨૦૨૫ સુધી જે છેલ્લી રકમ આવેલ હશે તે રકમથી આગળ તા. ૧૬-૦૮-૨૦૨૫ (આઠમ)ના રોજ રાસગરબા પૂર્ણ થયા બાદ ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં ચઢાવવા આગળ વધારવામાં આવશે અને જે પણ દાતાશ્રીની બોલી વધારે હશે તેમને વિવિધ પ્રસંગોનો લાભ મળશે જેની નોંધ લેવા નંમ્ર વિનંતી.

*** વિવિધ પ્રસંગ માટે ફિક્ષ રક્કમની રૂપરેખા ***

| | |
|---|---|
| સુકી પ્રસાદીના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- (ફિક્ષ) |
| પાણીના દાતાશ્રી | રૂા. ૫,૦૦૦/- (ફિક્ષ) |
| સાઉંડ સીસ્ટમના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- (ફિક્ષ) |
| ફોટોગ્રાફીના દાતાશ્રી | રૂા. ૫,૧૦૦/- (ફિક્ષ) |

જે પણ દાતાશ્રીઓને ઉપરોક્ત વિવિધ પ્રસંગો તેમજ ભોજનના સહયોગી દાતા તરીકે નામ નોંધાવવાની ઈચ્છા હોય તેઓએ નીચે જણાવેલ સંપર્ક સુત્રોનો સં પર્ક કરવા વિનંતી.

શ્રીમતી પ્રીતીબેન જયેશ ભગત : ૯૩૨૨૪૭૨૪૨૨

શ્રીમતી હંસાબેન કલ્યાણજી સેંઘાણી : ૯૩૨૪૩૮૩૫૪૦

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપર વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડલ ઘાટકોપરની આગામી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૪ ઓગસ્ટ ૨૦૨૫, સોમવારના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે પાટીદાર વાડી ઘાટકોપર ખાતે રાખેલ છે.

એજન્ડા :-

૧) ગત મીટીંગની મિનિટ્સનું વાંચન અને બહાલી.

૨) ગત વર્ષના હિસાબનું વાંચન અને બહાલી.

૩) સમાજની બહેનો દ્વારા સુજાવો અને મંતવ્યો.

૪) પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

આપ મહિલા મંડળના દરેક સભ્યોને વાર્ષિક સામાન્ય સભામાં સમયસર પધારવા વિનંતી.

**લી. પ્રમુખ : શ્રીમતી કુસુમ જય રામજીયાણી**

**મહામંત્રી શ્રીમતી મનીષા રાજેશ વેલાણી**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ......** પાના નં. ૪થી ચાલું...

ગણોનો આભાર વ્યક્ત કરેલ અને વાયએસકેની આજે છેલ્લી તારીખ છે એનું યાદ અપાવીને રિપેમેન્ટ ભરવા માટે અપીલ કરી. સૌ મુંબઈ યુવા મંડળ કારોબારી મિત્રનો સાથ અને સહકાર મળતો રહે અને આવાજ સમાજ માટે નવા પ્રોગ્રામ સાથે કરીએ એવું ઉદબોધન આપેલ.

અંતમાં ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે યુવા મંડળની ઓફિસનું રીનોવેશન કરવામાં આવેલ છે. તો તેમના દાતાશ્રીઓ સ્વ. મણિલાલ કાનજી ધોળુ પરિવાર, શ્રી મયુરભાઈ તુલસીભાઈ સેંઘાણી, શ્રી ધર્મેશભાઈ જયંતીલાલ દડગા, શ્રી વિનોદભાઈ રતનશી પોકાર, સૌનું પ્રમુખશ્રી, આઈ.પી.પી.શ્રી અને મહામંત્રીશ્રીના હસ્તે પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું અને દાતા પરિવાર, વક્તાશ્રી અને સમાજના અગ્રણીઓના હસ્તે રીનોવેટ થયેલ ઓફિસમાં રીબીન કાપીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સાથે મુંબઈ સમાજના અગ્રણીઓના હસ્તે પગલા કરેલ. છેલ્લે સૌ સમાજન, યુવા મંડળના મિત્રો સાથે મળી અને ભોજન લઈ છૂટા પડયા

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા**

**મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

**શ્રી કચ્છી કડત્તા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ પ્રેરીત** પાના નં. ૨થી ચાલું...

*** મહાપ્રસાદ (ભોજન)શ્રી વ્યવસ્થા ***

તા. ૧૬-૦૮-૨૦૨૫ (આઠમ) સાંજે ૭.૦૦ કલાકે - નિશુલ્ક

આ પરંપરાગત તહેવાની મજા માણવા ડોંબીવલી સામજ, યુવક મંડળ, મહિલા મંડળ આપ સર્વેને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**લી. શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી**

**પ્રમુખ : શ્રીમતી રેખાબેન નરેન્દ્ર ધોળું - મહામંત્રી : શ્રીમતી પ્રીતીબેન જયેશ ભગત**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ


OJJAS — SMART MOVE, SMART LIFE

### સ્લીપ્ડ ડીસ્ક (દવા વગર કુદરતી ઉપચાર)

- કરોડરજ્જુ એ વર્તુળાકાર હાડકા જેને મણકા કહેવાય છે તેની શૃંખલા ની બનેલી છે.જે મગજમાંથી આવતી નસો નું રક્ષણ કરે છે
- આ મણકાઓને ડીસ્ક દ્વારા ગાદી (કુશન) મળે છે. જે ઝટકાઓને શમાવે છે અને મણકાઓને લવચીકપણું આપે છે.
- આ ડીસ્કમાં વચ્ચેનો ભાગ સુંવાળો જેલ (Gel) જેવો હોય છે અને એની ફરતે સખત રેસાઓની રીંગ હોય છે.
- સ્લીપ્ડ ડીસ્ક એ એક એવી સ્થિતિ છે જેમાં આ બહારની રીંગ ફાટી જાય છે જેને કારણે વચ્ચેનો સુંવાળો જેલ જેવો ભાગ તેમાંથી બહાર આવી જાય છે અથવા તૂટી જાય છે.
- કરોડરજ્જૂ એ નસો અને રક્તવાહિનીઓનું તંત્ર છે. જેથી સ્લીપ્ડ ડીસ્ક થાય તો કરોજરજ્જૂની નસો પર ખૂબ દબાણ અને સંકોચન થાય છે, જેના કારણે તીવ્ર દુઃખાવો થાય છે. અંગોમાં શૂન્નપણું આવી જાય છે.
- કમર ના ભાગ પર સ્લીપ્ડ ડીસ્ક થવાના કેસીસ સામાન્ય થઈ ગયા છે. અને દુખાવા ને દૂર કરવા માટે નીચેના પોઇન્ટ લગાડો.

આ ડીસ્કમાં વચ્ચેનો સુંવાળો જેલ જેવો ભાગ તેમાંથી બહાર આવી જાય છે જે ચિત્ર માં કાળા રંગ નું બિંદુ કરેલું છે.




ડાબા હાથ ની પહેલી આંગળીમાં મેથી, બીજી અને ત્રીજી આંગળીઓ વચ્ચે ૫ મગના દાણા તેમજ ત્રીજી આંગળીમાં ચક્ર મેગ્નેટ લગાડો (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

<u>વિશેષ</u> : દરરોજ કમર ના ભાગ પર મન કેન્દ્રિત કરી એના બધા કોષ કોષિકા અને નાભિક માં પ્રાણ ની પોઝિટિવ ઊર્જા આપી શકાય છે

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંધાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

**તંત્રી સ્થાને થી.....** પાના નં. ૧થી ચાલું...

હાલે ૪૨ વર્ષ બાદ સમય બદલાઈ ગયો છે અને સમુહલગ્ન સમિતિ, દાતા પરિવારો અને સામાન્યજનો માટે સમૂહલગ્ન યોજવા જોઈએ કે નહિ તે અંગે ચિંતન અને મંથન કરવા એક સભા શનિવાર તા. ૩૦-૦૩-૨૦૨૪ના આયોજન થયેલ જેમાં સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ કે ૪ કે તેથી વધુ નવ યુગલો સમૂહલગ્નમાં જોડાતા હોય તો જ સમૂહલગ્ન સમિતિ દ્વારા તેનું વિધિવત આયોજન કરવામાં આવે.

આ સભામાં એવો પણ નિર્ણય લેવાયેલ કે ૪ થી ઓછા નવ યુગલોના સાદગીથી આયોજન, આમંત્રિતો વગર કરી આપવા જેમાં પુરોહિત, જમણ અને મર્યાદિત ભેટો દ્વારા સંપન્ન કરાવી આપવું અને આ નિર્ણયને સર્વાનુમતે બહાલી પણ આપવામાં આવી હતી.

હાલે આપણી નૈતિક ફરજ બની રહે છે કે આયોજકો અને સમૂહલગ્નની વિચારધારાને જીવંત રાખવા માટે આપણા કુટુંબ, પરિવાર, નોખ, સોસાયટી, વિસ્તાર કે ગામમાં કોઈના લગ્નનું આયોજન કરવા વિચારી રહ્યા હોય તો આપણે તેઓને સમૂહલગ્નમાં જોડાવા માટે નમ્ર વિનંતી કરીએ અને તેઓના સમય, સ્થળ અને નાણાની બચત કરાવી વૈભવી લગ્નોની ખર્ચાળ હારમાળાને અટકાવવામાં આપણો સહયોગ આપીએ એ જ અભિલાષા સાથે...

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**

**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી – કુસુમ જય રામજીયાણી સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ નોટિસ

**વાર્ષિક સામાન્ય સભાના આયોજન બાબત**

ટ્રસ્ટના સર્વે સભ્યોને સવિનય જણાવવાનું કે ટ્રસ્ટની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સામાન્ય સભા પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મધ્યે તારીખ ૩૦-૦૮-૨૦૨૫ના બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં ટ્રસ્ટના સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી.

અજેન્ડા :-

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

૨) ટ્રસ્ટ ફંડ નાણાકીય વર્ષ તારીખ ૦૧-૦૪-૨૦૨૪ થી તારીખ ૩૧-૦૩-૨૦૨૫ સુધીના આવક જાવકના હિસાબો અને વાર્ષિક અહેવાલની રજૂઆત અને બહાલી.

૩) પ્રમુખ સ્થાનેથી મંજૂરીથી રજૂ થાય તે.

૪) પ્રમુખશ્રીનું ઉદબોધન.

૫) આભાર દર્શન.

વિશેષ નોંધ : (૧) સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટીઓ ઉપરોક્ત કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.
(૨) મિટીંગ પછી મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**લી. ચેરમેન : શ્રી કાંતિભાઈ નારાયણ સેંઘાણી**

**મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ શિવજી ભીમાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૦૧-૦૮-૨૦૨૫ શુકવારના બપોરે ૨૦.૦૦ કલાકે પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે રાખવામાં આવેલ છે.

**એજન્ડા :–**

૧) ગત મિનિટ્સનું વાંચન અને બહાલી.

૨) વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૫ના હિસાબની રજૂઆત અને બહાલી.

૩) વર્ષ દરમિયાન થયેલ કાર્યક્રમનો અહેવાલ.

૪) સહયોગી મંડળના કાર્યક્રમોની ઝાંખી.

૫) ચર્ચા વિચારણા માટે ખુલ્લો મંચ.

૬) પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

નોંધ : ભોજનની વવ્યવસસ્થા રાખેલ છે.

ઉપરોક્ત સામાન્ય સભામાં સર્વે સનાતની મહિલઓને હાર્દિક આમંત્રણ છે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
### શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન
### ''સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટ જર્ની''

યુવા મંડળ મુંબઈ દ્વારા તા. ૧૫-૦૬-૨૦૨૫ના ઘાટકોપર વાડી ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજિત ''સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટ જર્ની'' કાર્યક્રમની શરૂઆત યુવા મંડળના મંત્રી શ્રી ભાવેશભાઈ પોકાર દ્વારા ઉપસ્થિત સર્વે સમાજના પ્રતિનિધિ તેમજ શ્રોતાઓનું શાબ્દિક સ્વાગત કરીને કરવામાં આવી. ત્યારબાદ યુવા મંડળની પ્રણાલી મુંજબ શુભકાર્યની શરૂઆત મા ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના સાનિધ્યમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવે છે, તે મુજબ મુંબઈ યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા, આઈ.પી.પી. શ્રી અશોકભાઈ સેંઘાણી, અ.ભા.ક.ક.પા. યુવા સંઘના આઈ.પી.પી. શ્રી હિતેશભાઈ રામજીયાણી, ટ્રસ્ટ ફંડના ચેરમેનશ્રી કાંતિભાઈ સેંઘાણી, મુંબઈ ઝોનના પ્રમુખશ્રી કાંતિભાઈ લીંબાણી, મુંબઈ મહિલા મંડળના મંત્રી શ્રીમતી પૂનમબેન રામજીયાણી, ઘાટકોપર સમાજના પ્રમુખશ્રી પ્રફુલભાઈ નાકરાણી, યુવા મંડળના પ્રમુખશ્રી મયુરભાઈ રામજીયાણી, મહિલા મંડળના પ્રમુખ કુસુમબેન રામજીયાણી, સાથે કાર્યક્રમના વકતા શ્રી રક્ષિતજીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રી ભાવેશભાઈએ જણાવ્યું કે જે રીતે યુવાનો ને આર્થિક સફળતા મેળવવા માટે ફાઈનાન્શિયલ ઈન્વેસ્ટમેન્ટના પાઠ ભણવા પડે છે... તેજ રીતે પોતાની ઉન્નતિ માટે પણ સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટના પાઠ ભણવા પડે... અને જણાવ્યું કે આજે શ્રીમદ રાજચંદ્ર મીશન, ધરમપુરથી ''આત્માર્પિત રક્ષિતજી''ના માર્ગદર્શન હેઠળ ગમ્મત સાથે જ્ઞાન સહ સૌ આ પાઠ ભણશું.

શરૂઆત ચેરમનશ્રી કાંતિભાઈ સેંઘાણીના આશીર્વચનો દ્વારા કરી, યુવા ઉત્કર્ષ સમિતિના કન્વીનર શ્રી વિશાલભાઈ પોકાર એ વક્તા શ્રી રક્ષિતજીને મંચ પર આમંત્રિત કરી તેમનો પરિચય આપ્યો અને તેમને શાલ, મોમેન્ટો તેમજ પુષ્પગુચ્છ દ્વારા પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી તેમજ ચેરમેનશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમ માટે ૨૬૫ જ્ઞાતિજનોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતું જેમાં ૭૫% યુવાઓ હતા.

''આત્માર્પિત રક્ષિતજી'' દ્વારા યુવા વર્ગને સાથે લઈ માઈન્ડ પાવરની ગેમ સાથે સ્વ ઉન્નતિની સફરનું જ્ઞાન આપવામાં આવેલ હતું. સૌ ના જીવનમાં લેવા જેવા પાંચ ''ઈ''ના કોન્સેપ્ટને લઈ સુંદર મજાનું જ્ઞાન આપ્યું. અંતમાં મનને શાંત કરવા દસ મિનિટ માટે મેડીટેશનનું આયોજન કરી સૌનું ધ્યાન કેન્દ્રીત કરેલ હતું.

મુંબઈ ઝોનના પ્રમુખ શ્રી કાંતિભાઈ લીંબાણીએ સંબોધિત કરતા જણાવ્યું કે યુવાઓ માટે આવા કાર્યક્રમોની ખાસ આવશ્યકતા છે, તો યુવા મંડળ નીતનવા પોગ્રામ કરે, અને જ્યાં મુંબઈ ઝોનની જરૂર હશે ત્યાં તેમની સાથે ઊભું રહેશે.

યુવા મંડળ પ્રમુખ શ્રી વિનયભાઈ એ સૌ પધારેલ સમાજના શ્રોતા

અનુસંધાન પાના નં. ૩ પર...

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Union Bank, Ghatkopar (West), Mumbai - 400 086.